## પ્રધાનમંત્રીએ ટેલીફોન પર રૂપાણી પાસેથી વાવાઝોડા અંગે માહિતી મેળવી

અમદાવાદ, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના વતન રાજ્ય ગુજરાતમાં વાયુ વાવાઝોડાની કુદરતી આપદા અંગે પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી છે. આના ભાગરુપે બિસ્કેક પહોંચેલા મોદીએ મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ફોન ઉપર વાતચીત કરીને માહિતી મેળવી હતી. આપત્તિની આ ઘડીમાં કેન્દ્ર સરકાર ગુજરાતની સાથે હોવાની ખાતરી પણ આપવામાં આવી હતી. વાયુ વાવાઝોડા અંગે વિગતવાર ચર્ચા કરીને માહિતી મેળવવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર ગુજરાતની પ્રજાજનોની સાથે ઉભેલી છે. વાયુ વાવાઝોડા અંગે તમામ માહિતી મોદી મેળવી રહ્યા છે. ગુજરાતના દરિયાકાંઠા ઉપર આજે વાવાઝોડુ ત્રાટકવાની શક્યતા હતી. જો કે, હવે આ ખતરો ટળી ગયો છે. જો કે, તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા પહેલાથી જ લેવામાં આવ્યા હતા. ત્રણ લાખથી પણ વધુ લોકોનું સ્થળાંતર પહેલાથી જ કરવામાં આવ્યું હતું. વધુ માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા હજુ પણ ચાલી રહી છે.



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સૌરાષ્ટ્ર કચ્છના સાગરકાંઠાના જિલ્લામાં સંભવિત વાયુ વાવાઝોડા સામે તંત્ર વાહકોની સજ્જતા અને એ જિલ્લામાં લોકોના સલામત સ્થળે સ્થળાંતર સહિતની માઈક્રોપ્લાનિંગ વ્યવસ્થાની મોડી રાત્રે ગાંધીનગરના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી વિડીયો કોન્ફરન્સ મારફતે સમીક્ષા હાથ ધરી હતી.

## જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક ૧૮મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક ૧૮મીએ બપોરે બે વાગે મળશે.

કારોબારી સમિતિના ચેરમેન અમૃતાબેન ઠાકોરના અધ્યક્ષપદે કારોબારી સમિતિની બેઠક કારોબારી ચેરમેનની કચેરીમાં મળશે. આ બેઠકમાં ગત બેઠકમાં કરવામાં આવેલ કાર્યવાહી સહિત વિવિધ એજન્ડા પર નિર્ણય કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં જિલ્લા ખેતીવાડી શાખાને ફર્નિચર સહિત નવી વ્યવસ્થા તેમજ રિનોવેશનની મંજૂરી આપવાનો મુદો, આ ઉપરાંત વિકાસ શાખાના રિનોવેશનની વાત પણ એજન્ડામાં સમાવવામાં આવી છે.

જિલ્લાને ૨૦૧૮-૧૯માં મળવાપાત્ર સમકારી ગ્રાન્ટ મેળવવા અંગે પણ દરખાસ્ત કરી સરકારમાં મોકલવા માટે ભલામણ કરવામાં આવશે. ચાર માસથી પણ વધુ સમય બાદ કારોબારી સમિતિની બેઠક મળી રહી હોવાથી રાજકીય ઉત્તેજનાઓ પણ પંચાયત વર્તુળોમાં જોવા મળી રહી છે. ચૂંટણીની આચારસંહિતાને લઈ બેઠક યોજવામાં વિલંબ થયો હોવાનું જાણવા મળેલ છે. આ કારોબારી બેઠકનો એજન્ડા પણ જારી કરી દેવાયો છે અને સભ્યોને તે અભ્યાસ માટે પણ રવાના કરી દેવાયો છે. કારોબારી બેઠકમાં વહીવટીય કામગીરીના મુદા વધુ હોવાનું જાણવા મળેલ છે.

# મનપાની ૧૭મીની સામાન્યસભા તોફાની બનશે

**મ્યુનિ. સેક્રેટરીના રાજીનામાનો મુદ્દો તેમજ પ્લાસ્ટીક બાયલોઝમાં ભારત સરકારે જે જોગવાઈઓ રદ કરી છે તે મુદ્દા સમાવાવમાં આવ્યા : મેયરનું પરિણામ સામાન્ય સભામાં જ જાહેર થઈ શકે તેવા મુદ્દા કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી ૧૭મીએ મળનારી સામાન્ય સભા તોફાની બનશે તેવા રાજકીય વર્તુળોમાંથી સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

મેયરની ચૂંટણીનું પરિણામ સામાન્ય સભામાં જાહેર થયુ નથી તે મુદ્દે તેમજ મ્યુનિ. સેક્રેટરીનું જે રીતે રાજીનામુ લેવાયુ છે તેને લઈ કાનૂની વાંધા મુદા આ સામાન્ય સભાને ગજવશે તેમ મનાઈ રહ્યુ છે.

આ ઉપરાંત સામાન્ય સભામાં જે પ્લાસ્ટીક બાયલોઝનો એજન્ડા દર્શાવવામાં આવ્યો છે જેમાંની કેટલીક કલમો ભારત સરકારે ડ્રોપ કરી છે પણ અહિ મંજૂરીની મહોર જે રીતે સ્થાયી સમિતિએ મારી છે તેને લઈ પર્યાવરણ પ્રેમીઓ પણ ચોંકી ઉઠ્યા છે તેમજ આ મુદ્દે સરકારમાં ઉગ્ર રજુઆતો કરવાની વાત વિચારી રહ્યા છે. કોંગ્રેસ આ મુદ્દે પણ શાસક પક્ષને ભીડવશે તેમ જાણવા મળેલ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા એક પછી એક મુદ્દા ધીમી ગતિએ શાસક પક્ષને ભીંસમાં લેવા માટે ખોલવામાં આવી રહ્યા છે. મ્યુનિ. સેક્રેટરીના રાજીનામાના મુદ્દે જીપીએમસી એક્ટની કલમો જ ટાંકી અને તેમની દરખાસ્ત આજે મેયરને મોકલી આપવામાં આવી છે.

જેમાં સેક્રેટરીનું રાજીનામુ મંજૂર કરવાની સત્તા માત્ર ને માત્ર સામાન્ય સભાને હોવાની વાત દર્શાવી અને કમિશ્નરના તાબા હેઠળના કર્મચારીને ચાર્જ આપવાની વાત પણ જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓનો સરેઆમ ભંગ હોવાની વાત કોંગ્રેસે કરી છે.

વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આ અંગેની એક આખી વિસ્તૃત દરખાસ્ત તૈયાર કરી અને કમિશ્નરને મોકલી આપી છે.

મ્યુનિસિપલ સેક્રેટરીના રાજીનામા બાબત અંગે મોકલેલ દરખાસ્તમાં બિહોલાએ જણાવ્યુ છે કે મ્યુનિસિપલ સેક્રેટરી જગ્યા ચૂંટાયેલા પાંખના નિયંણ હેઠળની છે. મ્યુનિસિપલ સેક્રેટરીએ સ્થાયી સમિતિના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવાની હોય છે.

મ્યુનિસિપલ સેક્રેટરી વિરૂદ્ધ કોઈ પણ શિસ્ત વિષયક કામગીરી કરવી હોય તો મ્યુનિસિપલ કમિશ્નરે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત કરવાની રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

## વાયુ વાવાઝોડાની અસરથી વૃક્ષ ધરાશાયી થતા સાદરાના યુવાને જીવ ગુમાવ્યો

**ગઇકાલે સાંજે સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે સાદરા જાખોરા માર્ગ પર વૃક્ષ ધરાશાયી થતા ગંભીર રીતે ઘવાયેલા યુવાનનુ મોત નિપજયુ : ડીઝાસ્ટર કન્ટ્રોલે પણ બનાવની માહીતી મેળવી**

ગાંધીનગર તા ૧૩

વાયુ વાવાઝોડાની અસરથી ગાંધીનગર પણ પ્રભાવિત છે. ગઈકાલે સાંજે મોસમ પલ્ટાના અંતે ભારે પવન સાથે વરસાદી ઝાપટુ ખાબક્યુ હતુ. જયારે આ દરમિયાન જિલ્લાને જોડતા અનેક માર્ગો પર વૃક્ષો ધરાશાયી થતા ટ્રાફિક જામ થઇ ગયો હતો. બીજીતરફ સાદરા જાખોરા માર્ગ પર વાવાઝોડાની અસરથી વૃક્ષ ધરાશાયી થતા સાદરાના યુવાનનુ કરૂણ મોત નિપજયુ હતુ. વાવાઝોડાની અસરથી ગાંધીનગર જિલ્લાના એક યુવાને જીવ ગુમાવ્યો હતો.

વાયુ વાવાઝોડાની અસરથી શહેરમાં સર્જાયેલા વાતાવરણ પલ્ટાના લીધે જનજીવન પ્રભાવિત થયુ છે. જયારે વરસાદી ઝાપટા સાથે મોસમના બદલાયેલા મિજાજની પણ વિપરિત અસર જોવા મળી રહી છે. ગઈકાલે સાંજે ભારે પવનની સાથે સર્જાયેલા ધુળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટુ પણ વરસ્યુ હતુ. જયારે આ દરમિયાન જિલ્લામાં અનેક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. દહેગામ બાયડ માર્ગ પર વૃક્ષો ધરાશાયી થવાના લીધે ટ્રાફિક જામ થઈ ગયો હતો. જયારે રાંધેજા વાસણિયા માર્ગ પર વૃક્ષો ધરાશાયી થવાના લીધે ટ્રાફિક માટે અડચણ ઉભી થઈ હતી. જયારે સાદરા માર્ગ પર વાવાઝોડાની અસરથી ફુંકાયેલા તેજ પવનના લીધે રવિકુમાર સોમાભા ઝાલા પર વૃક્ષ પડતા ગંભીર રીતે ઘવાયેલા યુવાનનુ મોત નિપજયુ હતુ. સાદરા જાખોરા માર્ગ પર બનેલા આ બનાવમાં સાદરાના યુવાનનુ કરૂણ મોત થયુ હતુ. જયારે વાવાઝોડાની અસરથી ફુંકાયેલા પવનમાં વૃક્ષ ધરાશાયી થવાના આ બનાવની ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમે પણ પુષ્ટી કરી હતી. આ યુવાનના પરિવારજનોને સહાય પુરી પાડવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની સફાઈનુ કામ અધ્ધરતાલ

**ચોમાસુ માથે છતા સ્ટોર્મ વોટર લાઇનની સફાઇનુ ઠેકાણુ પડયુ ન હોવાનો નાગરિકોનો સુર**

ગાંધીનગર તા ૧૩

ચોમાસુ માથે છે. ત્યારે શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની સફાઈનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જેના લીધે માત્ર એક જ વરસાદી ઝાપટામાં શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. શહેરના સેકટરોમાં હાલ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાયુ છે. જયારે હયાત લાઈનની યોગ્ય સફાઈ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સ્ટોર્મ વોટર લાઈનના અભાવે સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. દાયકાઓના અંતે હજુ પણ શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પુરુ થયુ નથી. અત્યાર સુધી શહેરના માત્ર ૭ જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન હતી. જયારે હાલ કોર્પોરેશન દ્વારા સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાયુ છે. જે અન્વયે સેકટરોના રીંગ રોડ સહીતના માર્ગોની આસપાસ લાઈન નાંખવામાં આવી રહી છે. શહેરમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. અગાઉ પણ સ્ટોર્મ વોટર લાઈનના પ્રોજેક્ટ અન્વયે બે વાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ રીવાઈઝ દરખાસ્તના અંતે પણ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ ખર્ચાળ હોવાથી હાથ ધરાયુ ન હતુ. આખરે હાલ કામ ચાલી રહ્યુ હોવાથી શહેરના મોટાભાગના વિસ્તારને સ્ટોર્મ વોટર લાઈન હેઠળ આવરી લેવાશે. અત્યાર સુધી સેકટરોમાં વરસાદી ઝાપટા સાથે ઠેર ઠેર પાણીનો ભરાવો થતો હતો. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે હવે જળબંબાકારની સ્થિતિનુ નિવારણ આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે. પરંતુ આ કામગીરી પુર્ણ થતા હજુ વાર લાગશે. જો કે હાલ શહેરના મુખ્યમાર્ગો આસપાસ

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નોટીસ

**અરજદારના એડવોકેટશ્રી, જે. એસ. આસોડીયા**

**ગાંધીનગરના મે. જ્યુડી. મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં**

**ક્રિ.પ.અ.નં. ૨૪૦/૧૯**

**અરજદાર :** **હિતાર્થ રાજુભાઈ પાટડીયા**
ઉ.વ. ૨૯, ધંધો-નોકરી, ધર્મે : હિન્દુ
રહે : બ્લોક નં. ૬૭૭/૧, ઘ-ટાઈપ,
સેક્ટર-૮, ગાંધીનગર

વિરુદ્ધ

**સામાવાળા :** **(૧) સબ રજીસ્ટ્રારશ્રી**
જન્મ-મરણ, ગાંધીનગર મહાપાલિકા,
સેક્ટર-૧૧, ગાંધીનગર
(૨) આચાર્યશ્રી
શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાઈયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩, ઘ-૬ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ. જન્મની નોંધણી કરાવવા બાબત.**

આ નોટીસથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અરજદાર નામે 'હિતાર્થ રાજુભાઈ પાટડીયા'નો જન્મ તા. ૫/૧૦/૧૯૮૮ના રોજ ડૉ. મીરા બુટાની ક્લિનીક, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે જન્મ થયેલ હોય જેની નોંધણી કરાવવાની રહી ગયેલ હોય તેથી તે અંગેનો દાખલો મેળવવા સારુ અત્રેની કોર્ટમાં અરજદારે અરજી કરેલ છે. જે કોઈપણ ઈસમને જન્મના દાખલાનો આદેશ આપવા સામે વાંધો કે હરકત હોય તો તેઓએ જાતે અથવા તેમના માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા. ૨/૭/૨૦૧૯ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે હાજર રહી જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે જો કોઈપણ ઈસમનો વાંધો કે તકરાર રજુ નહી થાય તો આગળની યોગ્ય ન્યાયીક પ્રક્રિયા કરી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૧૨/૬/૨૦૧૯ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | સીક્કો | સહી/- |
| (જી.જી. સૈયદ) | (આર.ટી. પ્રજાપતિ) | | (એ.એમ. ઘાંચી) |
| આસીસ્ટન્ટ | સુપ્રીટેન્ડેન્ટ | | રજીસ્ટ્રાર |
| ૯મી એડી. સીનીયર | ૯મી એડી. સીનીયર | | ચીફ જ્યુ. મેજી.કોર્ટ, |
| સીવીલ કોર્ટ ગાંધીનગર | સીવીલ કોર્ટ ગાંધીનગર | | ગાંધીનગર |

# વાયુની અસરથી ગરમીનો પારો ૭ ડીગ્રી ગગડ્યો

**નગરજનો અસહ્ય બફારાથી ત્રસ્ત : મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રી : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધ્યુ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં વળતા ઉનાળે વાયુ વાવાઝોડાની અસરથી અચાનક જ ગઈકાલે સાંજે વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. વરસાદી ઝાપટાથી



સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. ભારે પવન અને ઉડતી ધુળની ડમરીઓના લીધે મોસમમાં નાટયાત્મક બદલાવ આવ્યો હતો. જયારે વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે આજે ગરમીનો પારો ૭ ડીગ્રી ગગડયો હતો. દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળો જોવા મળ્યા હતા. વરસાદી ઝાપટાના અંતે આજે દિવસ દરમિયાન નગરજનોએ અસહ્ય બફારો અનુભવ્યો હતો.

શહેરમાં વાયુ વાવાઝોડાની અસર બાદ ગઈકાલે સાંજે વરસાદી ઝાપટાથી સર્વત્ર ઠંડક પ્રસરી હતી. હવામાં ઉડતી ધુળની ડમરીઓના અંતે મેઘરાજાએ એન્ટ્રી મારતા ભીની માટીની મહેંક સાથે વરસાદી માહોલે ગરમીને માત આપી હતી. ગઈકાલે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી રહ્યુ હતુ. જયારે બુધવારના વરસાદી વાયરાના અંતે આજે ગરમીનો પારો પણ ૭ ડીગ્રી નીચે ગગડયો હતો. જેના લીધે આજે મહત્તમ તાપમાન ૪૪ થી ૩૭ ડીગ્રી પહોંચી ગયુ હતુ. મોડીસાંજે આવેલા વરસાદી ઝાપટાના લીધે મોસમમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. વાતાવરણમાં ઉડતી ધુળની ડમરીઓના લીધે વાહનચાલકો પણ પરેશાન થઈ ગયા હતા. વાયુ વાવાઝોડાની અસરથી મોસમનો નઝારો બદલાયો હતો. જયારે આજે દિવસ દરમિયાન આકરા તાપમાં નગરજનોએ રાહત અનુભવી હતી. પરંતુ દિવસ દરમિયાન અસહ્ય બફારો અનુભવતા શહેરીજનો ઉકળાટથી તોબા પોકારી ઉઠયા હતા. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૦ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. પરંતુ આકરા બફારાએ સૌ કોઈને બેચેન કરી મુક્યા હતા. વરસાદ પુર્વે અનુભવાતા બફારાની અસરથી નગરજનો ત્રાહીમામ પોકારી ગયા હતા. વાયુ વાવાઝાડાની અસરથી પલટાયેલા વાતાવરણના અંતે વરસાદની અન્ટ્રી થઈ હતી. બીજીતરફ ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધી ગયુ હતુ. વાતાવરણમાં સવારે ૭૦ ટકા ભેજ નોંધાયો હતો. જયારે સાંજે ભેજનુ પ્રમાણ ૫૩ ટકા રહ્યુ હતુ. દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા. સાંજના સમયે અચાનક જ કાળાડીંબાંગ વાદળોનો ઘેરોવો જોવા મળ્યો હતો. તો કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા પણ વરસ્યા હતા.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com